



# દોશી હોસ્પીટલમાં ડો. યજ્ઞેશ પુરોહીત દ્વારા

**સફળ સારવાર:** રાજકોટ:દિવ્યેશ વિઠ્ઠલભાઈ મોરબીયા (ઉ.વ.૧૪, રહે. પાંચપીપળા) નામના બાળકને એક મેટલ પીન (નોટીસ બોર્ડ પર લગાવવાની પીન) દાંત ખોતરતી વખતે અચાનક ઉધરસ આવતા શ્વાસનળીમાં જતી રહી હતી અને તરત જ ઉધરસ તથા શ્વાસની તકલીફ થવા માંડી હતી. નજીકના ડોકટરને બતાવતા એકસ-રે પરથી એ પીન જમણી બાજુની શ્વાસનળીમાં જતી રહી હોવાનું જણાયું હતું અને ત્યાંથી ડોકટરે બાળકને તરત જ રાજકોટ લઈ જવા સલાહ આપી હતી. જેથી બાળકને રાજકોટની એચ.જે.દોશી હોસ્પીટલમાં લાવવામાં આવ્યો. જયાં ફેફસાના નિષ્ણાંત ચેસ્ટ ફીઝીશીયન ડો. યજ્ઞેશ પુરોહીતે બાળકની તપાસ કરી હતી અને પછી ઓપરેશન થીયેટરમાં દુરબીન (બ્રોન્કોસ્કોપી) વડે આ પીનને એક કલાકની જહેમત બાદ સફળ રીતે કોઈ પણ જાતની કોમ્પલીકેશન વગર બહાર કાઢી હતી. દર્દીના સગા વહાલાઓએ ઓપરેશન બાદ રાહતનો શ્વાસ લીધો હતો તથા ડોકટરનો આભાર માન્યો હતો.(૪.૧૦)

Scanned by CamScanner